## કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે થેલેસેમિયા સ્ક્રીનિંગ અને કાઉન્સેલિંગનો કાર્યક્રમ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, ના માર્ગદર્શન હેઠળ તા. ૨૦, માર્ચ, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજય બ્રાન્ચ, અમદાવાદના સહયોગથી **થેલેસેમિયા સ્ક્રીનિંગ અને કાઉન્સેલિંગ અંગેનો કાર્યક્રમ યોજાઈ ગયો.** જે અંતર્ગત કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલિટેકનિકના પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને થેલેસેમિયા માઇનર અને થેલેસેમિયા મેજર શું છે અને તેના અટકાવ માટે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ જે વિષય પર રેડક્રોસ સોસાયટીના વિષય નિષ્ણાત દ્વારા વિગતવાર માહિતી આપી હતી અને **થેલેસેમિયા સ્ક્રીનિંગ માટે** પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓના લોહીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અત્રેની કોલેજના આચાર્ય અને યુનિટ વડા, ડૉ. બી. સી. પટેલ, ના સીધા નેતૃત્વ હેઠળ ડૉ. ભાસ્કર જેઠવા અને ડૉ. એમ. એન. જેગોડા, પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવેલ હતું.

*************

કાર્યક્રમના ફોટોગ્રાફ:







